**પાલીતાણાની પદયાત્રા.................................................યુ.કે.ના પદયાત્રીઓ**

એક વખત મને સ્વપ્નુ આવ્યું.........કે ફરીથી પાલીતાણા જઈએ, પગપાળે, ફક્ત આનંદ માટે. મજા માણી શકે એવા મિત્રોના સંગાથમાં, બબ્બેની જોડમાં કે ત્રણ ત્રણની ટોળીમાં, સવારથી સાંજ સુધી ચાલીએ. ગુજરાતના બળબળતા તાપમાં, ગપસપ કરતા, ગીતો લલકારતા ચાલીએ. ચોતરફના પ્રદેશને, એનાં ઢોરઢાંખરને, એની હરિયાળીને માણતા ચાલીએ અને રસ્તે મળતી દેશી વાનગીઓ ચાખતા  ચાલીએ. આખે રસ્તે એકબીજાની મશકરી કરતાં કરતાં, એકમેકને રંગે રંગાઈ જઈએ.

પહેલાંની પદયાત્રાના મારા સાથીદારો સાથે મેં વાત કરી. ઓશવાળ દેરાસર પ્રોજેક્ટના દાનવીરોમાં અગ્રસ્થાને રહેલા અને વડીલ હોવા છતાં ઘણા પ્રવૃતિમય રહેતા આદરણીય શ્રી કાન્તીભાઈ હરિયા, ઓ.એ.યુ.કે.ના ભૂતપૂર્વ ખજાનચી શ્રી રજનીકાંત ભારમલ શાહ, ઓ.એ.યુ.કે.ના ભૂતપૂર્વ ઉપપ્રમુખ તથા હાલના દક્ષિણ વિભાગના પ્રમુખ શ્રી શશી પ્રેમચંદ શાહ, અને બીજા બધા સાથે એક પછી એક વાત કરી. સૌએ ખૂબ પ્રોત્સાહન આપ્યું. એટલે સુધી કે કાન્તીભાઈ, રજની અને શશી તો પદયાત્રામાં સાથે  જોડાવા તૈયાર થયા. એ પણ ફક્ત મજા માટે નહિ પણ કોઈ પણ સુકાર્ય માટે ભંડોળ ભેગું કરવા.  પછી તે 'ઓશવાળ જૈન દેરાસર પ્રોજેક્ટ' માટે હોય (જેનું ભંડોળ હજુ લક્ષ્ય બિન્દુ સુધી પહોંચ્યું નથી), કે 'ઓશવાળ એલ્ડર્લી વેલફેર એસોસિએશન' માટે હોય (જેને સભ્યો માટે એક ડે સેન્ટર ખોલવાની જરૂર છે), કે પછી 'ડાબાબિટિસ યુકે' માટે હોય (જે આ મૂક, અદૃશ્ય રોગની સારવાર માટે બહોળું સંશોધન કરી રહ્યા છે). અમારામાંથી બે જણ 'એલ્ડર્લી' અને સાથે ડાબાબિટિસના દર્દી છે પણ અમે દરેક જૈન શાસનની અનુમોદના કરવાવાળા છીએ.

યાત્રાની યોજના ઘડવા અમે ભેગા થવાનું શરૂ કર્યું. અમારે પદયાત્રા માટે બીજા સભ્યો લેવાના હતા કારણ કે અમારી મંડળીમાં ૮ પદયાત્રીઓ હોય એ જરૂરી હતું. અશોક ગુડકા પદયાત્રામાં જોડાવા તૈયાર થયા. એ પછી આદરણીય શ્રી પ્રભુલાલ માલદે (નોર્થ વેસ્ટ એરિયાના હાલના પ્રમુખશ્રી), આદરણીય શ્રી લક્ષ્મીચંદભાઈ શાહ (નોર્થ વેસ્ટ એરિયાના ભૂતપૂર્વ પ્રમુખશ્રી) અને શ્રી નિલેશ ધનરાજ શાહ (નોર્થ વેસ્ટ એરિયાની સમિતિના હાલના સભ્ય) પણ સાથે જોડાયા. ઓશવાળ સેન્ટરમાં પહેલવહેલું ચોપડાપૂજન યોજવામાં અશોકે સહાય કરી હતી અને હવે તો આ પૂજનનો કાર્યક્રમ એક વાર્ષિક પ્રસંગ બની ગયો છે. અશોક આ યોજનાની નણાંકીય અને વહીવટી બાબતોને સંભાળે છે.

ખરેખર તો, દ્વારકાથી જામનગર થઈને પાલીતાણા, એટલે ૧૪ દિવસમાં લગભગ ૪૦૦ કિલોમિટરનું અંતર ચાલીને કાપવાનું સ્વપ્ન હતું. પણ અમારી મંડળીના કેટલાક સભ્યો પદયાત્રા માટે વધારાના દિવસો ફાળવી શકે તેમ ન હતા. એટલે દ્વારકાથી જામનગરની યાત્રા રદ કરી. જામનગરથી પાલીતાણાની ૯ દિવસની પદયાત્રા ફરીથી કરવી એમ નક્કી કરવામાં આવ્યું. જામનગરથી ૨૨.૧૦ના નીકળીને પાલીતાણા ૩૦.૧૦ કે ૩૧.૧૦ના પહોંચવું, દિવાળીના અવસરે (૦૧.૧૧.૦૫) શત્રુંજય ચડીને દાદાના દર્શન કરવા અને ૦૨.૧૧.૦૫ના (નૂતન વર્ષના દિને) જામનગર પાછું આવવું એવી યોજના કરી છે.

આ એક 'સ્પોન્સર્ડ' પદયાત્રા હશે. અમે આશા રાખીએ છીએ કે અમે જેને માટે ચાલવાના છીએ, તેમાંનાં એક, બે કે ત્રણેય શુભ કાર્યો એટલે કે, ડાબાબિટિસ સંશોધન, ઓશવાળ એલ્ડર્લી માટે ડે સેન્ટર અને ઓશવાળ સેન્ટરના જૈન દેરાસરની યોજના માટે તમે ઉદાર દિલે અમને 'સ્પોન્સર' કરશો.

**સર્વાનુમતે મંજૂર થયું છે કે જે ભંડોળ ભેગું થશે તે ૧૦૦એ ૧૦૦ ટકા ત્રણેય  સંસ્થાને દાન કરી દેવામાં આવશે અને ભારત જવા આવવાનો તથા પદયાત્રાનો સઘળો ખર્ચ પદયાત્રીઓ પોતે જ ભોગવશે.**

અમે અમારા મંડળનું નામ '**ધી ઓશવાળ વોકર્સ યુકે**' રાખ્યું છે અને તેની 'વેબસાઈટ' પણ ખોલી છે. www.oshwalwalkers.orgને નામે આ 'વેબસાઈટ' તમે ખોલી શકશો. આ 'વેબસાઈટ' ને ઓ.એ.યુ.કે.ની 'વેબસાઈટ' www.oshwal.org, ઓશવાળ એલ્ડર્લી વેલફેર એસોસિએશનની 'વેબસાઈટ' www.oewa.org.uk અને ડાબાબિટિસ યુકેની 'વેબસાઈટ' www.diabetes.org.uk સાથે સાંકળી લેવામાં આવશે. Khubi.com વાળા શ્રી પરેશભાઈ આ વર્ષે અમારા સાહસના સહભાગી બની શકે તેમ નથી પણ તેમણે અમારી 'વેબસાઈટ' શરૂ કરી આપી છે અને તેનું નિયંત્રણ પણ તેઓ જ કરે છે. વળી પરોપકારી કાર્યો માટે ભંડોળ એકઠું કરવાની અમારી ખોજની જાહેરાત પણ તેમણે કરી છે. આ માટે અમે તેમના ઋણી છીએ.

જય જિનેન્દ્ર જય ઓશવાળ

'ધી ઓશવાળ વોકર્સ યુકે' વતી,

**જેનુ દોઢિયા**
ભૂતપૂર્વ ખજાનચી, ઓ.એ.યુ.કે. ૧૯૭૩ - ૧૯૭૫